ओ३म्
।। कृण्वन्तो विश्वमार्यम् ।।

# આર્ય વૈદિક દર્શન
# Arya Vedic Darshan
(Monthly)

GUJGUJ14021/06/1/2012-TC

पृथ्वी पर लहराते सुंदर – सुगंधित फूल और नन्हें बालक ईश्वर के जीवन्त हस्ताक्षर जैसे हैं, इन्हे देखकर ईश्वर की अनुभूति होती हैं।

| | |
|---|---|
| सृष्टि संवत् | : १,९६,०८,५३,११६ |
| विक्रम संवत् | : २०७२ |
| दयानन्दाब्द | : १९१ |
| वर्ष | : १ |
| अंक | : २ (अप्रैल-२०१५) |
| वार्षिक शुल्क | : १००रुपये |
| पृष्ठ संख्या | : ८ |

Vol.1, Issue 2, 1 April 2015 Ahmedabad, (Gujarat), Page : 8, Rs. 100 Annual.

## ગુજરાતની આર્યસમાજોમાં ઉજવાયો આર્યસમાજનો ૧૪૧ મોં સ્થાપના દિન...

મહર્ષિ દયાનંદ સરસ્વતીએ માનવ માત્રની સર્વાંગી ઉન્નતિ માટે આર્યસમાજની સર્વ પ્રથમ સ્થાપના વિક્રમ સંવત ૧૯૩૧ના ચૈત્ર સુદ ૧ ના રોજ મુંબઇ માં કરી હતી. છેલ્લા ૧૪૦ વર્ષથી આર્યસમાજ આધ્યાત્મિક, સામાજિક અને શારીરિક ઉન્નતિના વિવિધ પ્રકલ્પો ચલાવી રહેલ છે. રાષ્ટ્રીય ચેતના જગાડવામાં સિંહ ફાળો આર્યસમાજનો રહ્યો છે. જેનો ૧૪૧ મો સ્થાપના દિવસ ગજરાતની આર્યસમાજોમાં ઉજવાઇ ગયો. તેનું સંક્ષિપ્ત વિવરણ નીચે મુજબ છે.

**આર્યસમાજ - ટંકારા** માં ચૈત્ર સુદ-૧ ના રોજ પ્રાતઃ યજ્ઞથી કાર્યક્રમનો પ્રારંભ થયો. ત્યાર બાદ પ્રમુખશ્રી અમૃતભાઇ બુદ્ધદેવના હસ્તે ઓમ્ ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. ધ્વજગાન ગાવામાં આવ્યું. આ પ્રસંગે ટંકારાના આર્યવીરો અને આર્યસમાજ ટંકારાના સદસ્યોએ આર્યસમાજનો પોતાના જીવન ઉપર પડેલ પ્રભાવની અભિવ્યક્તિ કરી હતી. તેમજ આર્યસમાજનો માનવ સમાજની ઉન્નતિ રહેલા ફાળાની ચર્ચા કરી હતી.

મુખ્ય વક્તા તરીકે ખાસ આમંત્રિત પ્રો. ભાવપ્રકાશ ગાંધી (જૂનાગઢ) એ સૃષ્ટિ સંવત્, ભારતીય સંવત્, વિક્રમ સંવત વગેરે કાલગણના અને ૧૪૧માં સ્થાપના દિનની વિગતે ચર્ચા કરી હતી. આર્યસમાજ માત્ર સંગઠન નથી. પરંતુ વિચારધારા છે, જેની સ્થાપના વૈદિક ધર્મના પ્રચાર માટે મહર્ષિ દયાનંદ સરસ્વતીએ ૧૪૦ વર્ષ પહેલા મુંબઇમાં કરી હતી.

આ પ્રસંગે ઉપદેશક વિદ્યાલયના આચાર્ય રામદેવ શાસ્ત્રી ઉપસ્થિત રહ્યાં હતાં, અને પ્રાસંગિક ઉદ્બોધન કર્યુ હતું. તેઓએ જણાવ્યું કે આર્યસમાજનો આધાર સત્ય છે. સત્યની પરીક્ષા કરવાનું આર્યસમાજ શીખવે છે. તેઓએ આર્યસમાજી તરીકે સત્ય અને પ્રમાણિકતાના માર્ગે ચાલનારા આર્યોના ઉદાહરણો દ્વારા શ્રોતાઓને પ્રેરણા આપી હતી. પ્રીતિભોજન સાથે કાર્યક્રમની પૂર્ણાહુતિ થઇ હતી.

**આર્યસમાજ, હાથીખાના - રાજકોટ** દ્વારા તેની નવી શાખા માયાણી નગર ખાતે ૧૪૧ મો સ્થાપના દિવસ ઉજવાયો હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઉપકુલપતિ ડૉ. પ્રતાપસિંહ ડોડિયા ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનો પ્રારંભ યજ્ઞથી કરવામાં આવ્યો હતો. મુખ્ય વક્તા તરીકે આચાર્ય રામદેવ શાસ્ત્રી (ટંકારા) અને હસમુખ પરમાર (ટંકારા) ઉપસ્થિત રહ્યા હતાં. પ્રાસંગિક ઉદ્બોધન કરતા ઉપકુલપતિ ડૉ. પ્રતાપસિંહ ડોડિયાએ જણાવ્યું કે ભારતીય સંસ્કૃતિને નષ્ટ કરવાના મેકોલો પદ્ધતિના શિક્ષણ દ્વારા પ્રયત્નો કરવામાં આવ્યા. જેમાં અંગ્રેજો ઘણાં અંશે સફળ રહ્યાં. મૂળ સંસ્કૃતિની ઓળખ કરવાવવાનું કાર્ય મહર્ષિ દયાનંદે કર્યુ, જેને આર્યસમાજ આગળ વધારી રહ્યો છે.

આ પ્રસંગે હસમુખભાઇ પરમારે પોતાના ઉદ્બોધનમાં આર્યસમાજની સ્થાપનાનો ઇતિહાસ અને તેનો સમાજ પર પડેલ પ્રભાવની ચર્ચા કરી હતી. આચાર્ય રામદેવજીએ જણાવ્યું હતું કે આર્યસમાજ જીવન પદ્ધતિ શીખવે છે. આહાર - વિહાર - વિચારને આર્યસમાજ વેદ આધારિત સમજાવે છે અને માનવ માત્રની ઉન્નતિનું ઉત્તમ કાર્ય કરે છે.

પ્રો. ભાવપ્રકાશ ગાંધીએ જણાવ્યું કે મહર્ષિ દયાનંદ રાજકોટમાં ડિસે. ૧૮૭૪ માં પધાર્યા હતાં. અને અહીં આર્યસમાજની સ્થાપના કરી હતી. જેમાં પ્રાર્થનાસમાજનાં જ ભાઇઓ આર્યસમાજ સાથે જોડાયા હતાં. પરંતુ અંગ્રેજ અધિકારીઓએ રાજકોટની આર્યસમાજનું બાળમરણ કર્યુ. અંગ્રેજોને આર્યસમાજના વિકાસમાં પોતાની સત્તાનું ભવિષ્ય ચિંતાજનક જણાયું હતું. આર્યસમાજના કાર્યોનો પ્રભાવ હિન્દુ સમાજ ઉપરાંત વિદેશી ધર્મ-પંથો ઉપર પણ પડયો છે. તેઓ પોતાના ધર્મ ગ્રન્થોના અર્થોમાં પરિવર્તન કરવા લાગ્યા છે.

આ પ્રસંગે આર્યસમાજ રાજકોટનાં સદસ્ય સંતાનો અને આર્યવીરોને તેમની શૈક્ષણિક સિદ્ધિ (ધો. ૧ થી કોલેજ સુધીના તમામ વર્ગો) ને પુરસ્કાર આપી પ્રોત્સાહન આપવામાં આવેલ હતું.

**આર્યસમાજ - પોરબંદર** દ્વારા બે દિવસ ઉજવણી કરવામાં આવી હતી. તા. ૨૧ માર્ચ શનિવારના રોજ સવારના ૯ થી ૧૨ સુધી યજ્ઞ, ધ્વજોત્તાલન, ઓમ પ્રકાશ આર્ય (પલવલ-હરિયાણા) ના ભજનોપદેશ શ્રી ચંદ્રશ આહુજા (ગાંધીધામ-કચ્છ)ના પ્રવચનો રાખવામાં આવ્યા હતાં. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને શ્રી કાંતિભાઇ મોનાણી (ઉદ્યોગપતિ, પોરબંદર) હતા. તેમજ અતિથિ વિશેષ તરીકે પોરબંદર નગરપાલિકાના ભૂ. પૂ. પ્રમુખશ્રી સુનીલભાઇ ગોહેલ અને શ્રી ભરડા સાહેબ (શિક્ષણ શાસ્ત્રી-પોરબંદર) હાજર રહ્યાં હતાં. સાંયકાલીન કાર્યક્રમ ૪.૩૦ થી ૭.૩૦ સુધી રાખવામાં આપેલ હતો.

તા. ૨૨ માર્ચના રોજ પણ સવાર-સાંજ બંને સમય કાર્યક્રમો રાખવામાં આવેલ હતાં, જેનાં અધ્યક્ષ સ્થાને ડૉ. જયેન્દ્ર કારીયા તથા અતિથિ વિશેષ ડૉ. ભરત ગઢવી, શ્રી લાખણશી ગોરાણીયા (ઝોનલ સેક્રેટરી, જે. સી. આઇ. ઇંડિયા, શ્રી કોડીયાતર સાહેબ (કાર્યપાલક ઇજનેર, પી.જી.વી.સી.એલ.) ઉપસ્થિત હતાં. ઉપરોક્ત વિદ્વાનોનાં ભજન અને પ્રવચનો યોજાયા હતાં. સાયંકાલીન કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને ડૉ. સુરેખાબેન શાહ તથા અતિથિ વિશેષ ડૉ. સુરેશ ગાંધી અને ડૉ. સિદ્ધાર્થ જાડેજા, ડૉ. સોજીત્રા સાહેબ ઉપસ્થિત હતાં.

આ ઉપરાંત તા. ૨૦-૩ શુક્રવારના રોજ પણ ગઢેચી આશ્રમ શાળા (જિ. દેવભૂમિ દ્વારકા) ખાતે શ્રી ઓમપ્રકાશ આર્યના ભજનોપદેશનો કાર્યક્રમ રાખવમાં આવેલ હતો.

## आर्यसमाज के सिद्धान्त

### प्रकृति के सिद्धान्त

यद्यपि विज्ञानवेत्ताओं की सम्मतियों में बडी विषमता पाई जाती है, तथापि वे सब एक बात में सहमत हैं और वह यह कि प्रकृति के नियम नित्य हैं। इस परिवर्तनशील जगत में जहाँ कोई वस्तु सदैव एक जैसी नहीं रहती और जो भौतिक प्रभावों से ऊभ्रर रहती है वह प्रकृति के नियम हैं। इस सत्य को ना तो किसी ने सिद्ध करने की चेष्टा की है और न किसी ने इन्हें मानने से इन्कार किया है। यदि ऐसा न होता तो विज्ञान का अस्तित्व भी सम्भव न होता, क्योंकि विज्ञान की समस्त उहापोह इस मान्यता पर अवलम्बित है कि प्रकृति पर शासन करने वाले नियम सदा एक जैसे रहते हैं। उदाहरण के लिए, पानी की बनावट के फार्मूले को ले लो! जो रासायनिक फार्मूला से $H_2O$ व्यक्त होता है, यह फोर्मूला समस्त जलों के सम्बन्ध में ठीक है, चाहे उसकी जाँच आज हो या दस हजार साल पूर्व हुई हो। यह जल चाहे आज गंगा से लिया जाय या टेम्प से या २ हजार वर्ष पूर्व जार्डन से लिया गया हो। यूक्लिड के समय में जो त्रिभुज था, आन के स्कूल के बच्चे का त्रिभुज उससे जरा भी भिन्न नहीं है। आर्यभट्ट, पाइथागोरस, प्लेटो या न्यूटन के समय के 'य' का स्वरूप सदैव एक – जैसा रहेगा।

### नित्य सृष्टिनियम और हमारा ज्ञान

यह सत्य है कि समस्त विज्ञानवेत्ताओं की विचारधारा सदैव एक–सी नहीं रही, परन्तु नियमों से सम्बद्ध हमारा ज्ञान परिवर्तत होता रहता है; स्वयं नियमों में कोर्ल परिवर्तन नहीं होता। जब हम यह कहते हैं कि इन दिनों विज्ञान बहुत उन्नत है तो हमारा आशय यह होता है कि नियमों के स्वरूप के सम्बन्ध में हमारा ज्ञान पूर्वापिक्षा अधिक ठीक है। जब तक हम नियमों को नित्य न मानें, तब तक हम यह क्योंकर कह सकते हैं कि उनके सम्बन्ध में हमारा ज्ञान अधिक ठीक है! जब हम यह कहते हैं कि किसी विज्ञानवेत्ता ने प्रयोग करते हुए अमुक – अमुक भूल की है तो क्या हमारा अभिप्राय यह नहीं होता कि अपने समय में वह जिस नियम की खोज करना चाहता था वह आज हमारे समय में भी वही है? परिवर्तनीय वस्तुओं के सम्बन्ध में हम ऐसा नहीं कह सकते। किसी आदमी ने लोहे की एक छड को नापकर ज्ञात किया कि वह ८ फीट ३ इंच की है। आज वह ८ फीट ४ इंच की है, अत: हम यह नहीं कह सकते कि फीता गलत था। यह सम्भव है कि छड लम्बाई मे बढ गई हो।

### परिवर्तनशील जगत्

रामायण में वर्णित प्रयाग आज–जैसा न था, परन्तु इस अन्तर को हम ग्रन्थकार की देखने की भूल नहीं कर सकते। क्यों? इसलिए कि प्रयाग में परिवर्तन हो सकता है और इतने लम्बे काल में बडे – बडे परिवर्तन हुए होंगे। परन्तु क्या नियमों के विषय में ऐसा कह सकते है? क्या हम यह कह सकते हैं कि बाइबिल के काल में लोंगो का यह मानना ठीक था कि पृथ्वी चपटी है या गतिशून्य है? क्या हम यह नहीं मानते कि हमारी पृथ्वी जैसे पिंडो को प्रशासित करने वाले नियम ऐसे हैं कि उनके आधार पर यह मान लेना असम्भव है कि हमारी पृथ्वी कभी चपटी या गति शून्य रही या रह सकती है? और यह केवल कल्पना ही नहीं है। इससे हम आशवस्त हो जाते हैं और हमारे सामने कोई दूसरा विकल्प नहीं रहता हैं।

इस प्रकार हम यह देखते हैं कि इस सब विचारधारा के

# बुद्धि और धर्म

**–पं० गंगाप्रसाद उपाध्याय**

पीछे एक प्रधान भावना काम करती है और वह यह कि जगत् के नियम नित्य हैं, भले ही विश्व नित्य न हो। यह बात ऊभ्रर से विचित्र देख पडती है। परिवर्तनशील जगत् के नियम क्यों परिवर्तनशील हो सकते हैं? नियमों और जगत् के पारस्परिक सम्बन्ध को गलत समझने से ही भूल होती है।

प्रकृति के नियम और सोने रंग का इन दोनों की सम्बन्धवाचक विभक्तियों 'के' और 'का' पर विचार करो। 'सोने का रंग' इस वाक्यांश में प्रयुक्त 'का' का अभिप्राय है सोने से सम्बन्ध रखनेवाली कोई वस्तु; परन्तु प्रकृति के नियम का अभिप्राय प्रकृति द्वारा निर्मित नियमों वा उन नियमों से नही हैं। इन शब्दों के सम्बन्ध में बहुत बडी भ्रान्ति है और इस भ्रान्ति ने अतीत काल से ही मानव–समाज को बडी क्षति पहुँचाई है। मानवीय भाषा में ऐसे अनेक हास्यास्पद शब्द घर कर गए हैं जिनकी ठीक – ठीक व्याख्या का किया जाना कठिन है और जो अनिश्चित और अशुद्ध विचारधारा का परिणाम कहे जा सकते हैं। 'प्रकृति की तरंग' इसी प्रकार का एक शब्द हैं। इसका अर्थ क्या है? हम पागल मनुष्य की 'तरंगो' की चर्चा किया करते हैं। बुद्धिमान पुरुष भी तरंगो से शून्य नहीं होता क्योंकि वह हर समय में हर स्थान पर और हरेक स्थिति में बुद्धिमत्ता का परिचय दे – उससे ऐसी आशा नहीं की जा सकती।

### निराशावाद के पीछे आशावाद

परन्तु प्रकृति में भी मानव–मस्तिष्क सरीखी दुर्बलताएँ मान लेना भूल है और इस भूल का मानव–जाति को बहुत बडा मूल्य चुकाना पडा है। इसी के कारण अधिकांश अन्धविश्वासों की उत्पत्ति हुई है। फलित ज्योतिष, भूत–पिशाच, जादू–टोना, तन्त्र–मन्त्र, रसायन आदि–आदि अविद्याओं से मानव – जाति का जो असीम अहित हुआ है उस पर क्षण – भर विचार तो करो! इनका लक्ष्य भी तो तरंगी पिशाच को सन्तुष्ट करना ही होता है। यदि प्रकृति का संचालन या स्वयं प्रकृति मौजी वा तरंगी हो, तब फिर विज्ञान और उसके सत्य, अर्द्ध सत्य और नितान्त अशुद्ध ज्ञान का क्या बनेगा? यदि कुछ न बनेगा तब ज्ञान और सभ्यता उनकी उन्नति के कल्पित नारे का क्या अर्थ है? तब आधुनिक विकासवाद के पिता डार्विन और प्रोटोजोआ में क्या अन्तर रहेगा जो हम सबका उत्पादक कहा जाता है? यदि नियमों के नित्यत्व की आस्था का परित्याग कर दिया जाता है तो अदृश्य भूत वा भविष्य और ससीम दृश्यमान वर्तमान के सम्बन्ध में किन्हीं परिणामों पर पर्हुंचना व्यर्थ और हास्यास्पद होगा। मैं जानता हूँ कि तत्त्ववेताओं का एक वर्ग 'मुझे पता नहीं कि वे विज्ञानवेत्ता भी हैं या नहीं', यह मानता हैं कि विश्व के विषय में हमारा ज्ञान इतना कम है और इस ज्ञान की प्राप्ति के हमारे साधन इतने परिमित हैं कि अपने को विश्व का ज्ञाता कहना शब्द का दुरुपयोग करना है। हम सब भी इसी निराशावाद में योग देते है। परन्तु जब हम यह देखते हैं कि जीवन के प्रभातकाल से ही हम निरन्तर अपनी ज्ञानवृद्धि में निरत हैं और थक जाने और निराश हो जाने पर भी हमने रुक जो के लक्षण नहीं दिखाए हैं, तब हम इस परिणाम पर पर्हुंचे बिना नहीं रह सकते कि इस सब निराशावाद के पीछे बलशाली आशावाद काम कर रहा है और हममें से बडे–से–बडा निराशावादी भी अपने संशय का परित्याग करने और परित्याग करने और प्रकृति के नित्य नियमों में विश्वास करने की भावना से प्रभावित हो जाता है। इसी में हमारी शान्ति और हमारा कल्याण निहित है।

इस मास के विशिष्ट व्यक्ति

# છત્રપતિ શિવાજી મહારાજ

જે વખતે મોગલ બાદશાહી ઉન્નતિને શિખરે પહોંચી હતી, તે વખતે ઔરંગઝેબના કઠોર શાસનથી ભારતના ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમ ભાગોમાં સર્વત્ર લોકોના હૃદય ભયભીત બની ગયા હતાં. જ્યારે સ્વાધીનતાના પ્રધાન ઉપાસક અને તેજસ્વી તથા સાહસિક રજપૂતોમાંના ઘણાખરા મોગલોને આધીન થઇ ગયા હતાં, તે સમયે દક્ષિણમાં પશ્ચિમ ઘાટ નામના પર્વતોથી ઘેરાયેલા પ્રદેશમાં એક મહાશક્તિએ સર્વના હૃદયમાં અતિ વિસ્મયતા ઉત્પન્ન કરી હતી. ધીમે ધીમે ભારતનો અદ્વિતીય પાદશાહ પણ આ શક્તિ પરાક્રમથી કંપી ઉઠયો. સમસ્ત ભારતમાં જે મહાશક્તિની હાક વાગી રહી હતી તે શક્તિ કઇ ? શિવાજી મહારાજ!

શિવાજી વીરતાની તેજસ્વી મૂર્તિ અને સ્વતંત્રતાના અદ્વિતીય ઉપાસક હતા. જે સમયે શિવાજી મહારાજનો જન્મ થયો તે વખતે ભારતની પ્રાચીન વીરતાનું ઐશ્વર્ય ધીમેધીમે નષ્ટ થતું જતું હતું. જે લોકો એક વખતે સાહસ અને વીરતાની બાબતમાં સૌથી અગ્ર સ્થાને વિરાજતા હતા, જેમણે વીરસમાજમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી અનંત કીર્તિનો સંચય કર્યો હતો, તેમનાં જ સંતાનો ધીમે ધીમે પરાધીનતાની બેડીમાં સજ્જડ જકડાઇ ગયાં અને તેમણે પોતાની સ્વતંત્રતાને તિલાંજલિ આપીને જાણે વિધર્મીઓની ગુલામગીરી ઉઠાવવી એ પોતાની જિંદગીનું પ્રધાન કર્તવ્ય માની લીધું. જે તેજસ્વિતાથી પૃથ્વીરાજ તિશૌરીના યુદ્ધમાં અજિત રહી શક્યો, સમરસિંહ પોતાના પ્રાણની લેશ પણ પરવા કર્યા વિના ભયંકર રણક્ષેત્રમાં જાલીમ શત્રુઓની સામે ખડે રહ્યો. હતો અને જે તેજસ્વિતાથી પ્રાતઃસ્મરણીય પ્રતાપસિંહ ઘણાં વર્ષો સુધી અતુલ સમૃદ્ધિ સંપન્ન બાહશાહની સામે થયો હતો, તે તેજસ્વિતા અને સ્વાધીનતાનો પ્રેમ હાલ અદશ્ય થઇ ગયાં હતાં. માંહો માંહેનો સંપ નષ્ટ થવાથી પરાક્રમી રજપૂતો દિનપ્રતિદિન નબળા પડતા જતાં હતાં અને મુસલમાનોને આધીન થઇ પોતાની શોચનીય અધોગતિનું ફળ ભોગવી રહ્યાં હતાં. મહાપરાક્રમી શિવાજીએ મહારાષ્ટ્રમાંથી કુસંપને દૂર કર્યો અને એક મહાપ્રજા ઉત્પન્ન કરી. તેના મહામંત્રથી અનેક મુસલમાનોની દિવસે દિવસે પડતી થતી ગઇ અને તેઓ હિંદુને નમવા લાગ્યા.

ઇ.સ. ૧૬૨૭ના મે મહિનામાં પૂનાની ઉત્તરે ૫૦ માઇલ પર આવેલા શિવનેરી નામના કિલ્લામાં શિવાજીનો જન્મ થયો. માતા જીજાબાઇ અને દાદાજી કોંડદેવની દેખરેખ હેઠળ શિવાજીનું બાળપણ વિત્યું.

મરાઠા અને મુગલો વચ્ચે બે મોટાં યુદ્ધો થયાં. તેમાં શિવાજીને સંપૂર્ણ જય પ્રાપ્ત થયો. ચારે તરફ તેમના નામની જય ઘોષણા થઇ રહી. સર્વે લોકો શિવાજીને મહાપરાક્રમી રાજા સમજીને તેમનું સન્માન કરવા લાગ્યા. તેમની વીરતા, પ્રતાપ, અને રણચાતુર્ય જોઇ આશ્ચર્યચકિત થઇ સર્વે તેમને અસાધારણ વીરપુરુષ સમજવા લાગ્યા. ઔરંગઝેબ આ પરાક્રમી શત્રુના અપૂર્વ પ્રભાવથી વિસ્મિત થયો. આ યુદ્ધમાં જેટલાં મુસલમાન સરદારો કેદ પકડતા હતા, તેમાંના કોઇની સાથે શિવાજીએ અનુચિત વર્તણૂંક ચલાવી નહિ; પરંતુ તેમને ઉત્તમ સન્માન સાથે રાયગઢ મોકલી આપ્યા અને તેમના જખમો પર દવા કરી તેને રૂઝવી નાખ્યા અને તેઓ તદ્દન સાજા થઇ ગયા પછી તેમને વિદાય કરી દીધા. ભારતના અદ્વિતીય વીરપુરુષે વીરધર્મને લાંછન લગાડ્યું નહિ. ઘાયલ થયેલા કેદીઓને રાયગઢમાં કોઇ પણ સમયે દુઃખ પડવા દીધું નહોતું. દુર્દશાગ્રસ્ત શત્રુઓ પ્રત્યે આવી ઉદારતા બતાવી શિવાજીએ વીરોચિત ધર્મનો પરિચય કરાવ્યો. આ મહત્ત્વ અને ઉદારતા ચિરકાલ પર્યંત ઇતિહાસમાં સુવર્ણાક્ષરે લખાઇ રહેશે.

શિવાજીએ પ્રથમ રાજાની ઉપાધિ ધારણ કરી પોતાના નામના સિક્કા ચલાવ્યા હતાં. આ વખતે તેમણે વિદ્વાન બ્રાહ્મણોને બોલાવી રાજ્યાભિષેકના સંબંધમાં શાસ્ત્રના નિયમાનુસાર તેમની સંમત્તિ લીધી. ગગા ભટ્ટ નામના એક સમર્થ વિદ્વાનને આ સમયે કાશીથી રાયગઢ બોલાવવામાં આવ્યો હતો. રાજ્યાભિષેકના કાર્યનો ભાર તેને સોંપવામાં આવ્યો. મરાઠાઓના ઇતિહાસમાં શાકે ૧૫૯૬ ના જયેષ્ઠ માસની શુક્લ ત્રયોદશી પ્રાતઃસ્મરણીય તિથિઓમાં ગણવા યોગ્ય છે. આ દિવસે રાયગઢના કિલ્લામાં શિવાજી મહારાજ સ્વતંત્ર રાજા તરીકે સિંહાસનરૂઢ થયા. એ દિવસે સર્વ શાસ્ત્રોમાં પારંગત વિદ્વાન ગગાભટ્ટે શાસ્ત્રની વિધિ અનુસાર શિવાજીનો રાજ્યભિયષેક કર્યો હતો. આ પ્રસંગ નિમિત્તે અનેક બ્રાહ્મણોએ અનુષ્ઠાન કર્યા. આ મહાન પ્રસંગે રાયગઢમાં અપૂર્વ આનંદ છવાઇ રહ્યો હતો. સ્વાધીનતાના ભક્ત હિંદુ વીરોના જયધ્વનિથી રાયગઢ ગરજી ઉઠ્યું હતું. વીરશિરોમણિ શિવાજીએ રાજ્યપદ પર સ્થિત થઇને તે દિવસના સ્મરણને માટે એક વાર્ષિક ઉત્સવ નિયત કર્યો અને રાજ્યની સર્વ ઉપાધિઓને ફારસીમાંથી સંસ્કૃતમાં ફેરવી નાખવાની આજ્ઞા કરી. રાજ્યાભિષેક પ્રસંગે ભિન્ન ભિન્ન સ્થળેથી કેટલાક રાજદૂતો રાયગઢમાં આવ્યા હતા. મુંબઇથી એક અંગ્રેજ રાજદૂત પણ ગયો હતો. આ દૂત અંગ્રેજ કંપનીના પ્રતિનિધિ તરીકે આવી શિવાજીની સાથે સંધિ કરી હતી. આ રીતે ક્ષત્રિય રાજાએ પોતાના બાહુબળથી જગતમાં અતિ મહાન પ્રસિદ્ધિ મેળવી.

શિવાજીએ દક્ષિણમાં જે રાજ્ય સ્થાપન કર્યું હતું, તેની લંબાઇ ચારસો માઇલ અને વિસ્તાર બે હજાર માઇલનો હતો. તાજોરમાં પણ તેમનું રાજ્ય હતું. નર્મદાથી તાંજોર સુધી અને કોંકણથી મદ્રાસ સુધીના રાજાઓ કેટલીક વખત શિવાજીની સહાયતા માંગી હતી અનેક રાજાઓ તેમને કર આપી સંતુષ્ટ રાખતા હતા. સકળ દક્ષિણ દેશમાં તેમની મહત્તા પ્રચલિત હતી. તે સમયે આખા દક્ષિણના વીરોમાં તેમના જેવો ચતુર અને કાર્યનિપુણ અન્ય કોઇ હતો નહિ. તેમની ચાતુર્યજાળને કોઇ સમજી શકતા ન હતાં. તેમના મનની વાતનો પત્તો કોઇને લાગતો નહિ. તેમની શક્તિને કોઇ રોકી શકે તેમ નહોતું. તેમણે પરાક્રમી મોગલોના સમયમાં સર્વ પ્રકારે પોતાની શ્રેષ્ઠતા સાચવી હતી. વિશ્વાસઘાતી સાથે વિશ્વાસઘાતી થયા સિવાય કામ સિદ્ધ થતું નથી, એવો તેમનો નિશ્ચય હતો. આ નિશ્ચય અનુસાર તેમણે કોઇ કોઇ સમયે અવિશ્વાસનું કામ કર્યું હતું.

ઇ.સ. ૧૬૮૦ ની ૫મી એપ્રિલે ૫૩ વર્ષની વયે શિવાજી મહારાજ અવસાન પામ્યા.

# ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા દ્વારા માંડવી ખાતે પં. શ્યામજી કૃષ્ણ વર્માનો બલિદાન દિવસ ઉજવાયો...

મહર્ષિ દયાનંદના ક્રાંતિકારી શિષ્ય અને વિદેશની ધરતી પર ભારતીય સ્વાતંત્ર્ય આંદોલનનું નેતૃત્વ કરનાર પં. શ્યામજી કૃષ્ણ વર્માનો ૮૫ મો બલિદાન દિવસ ગુજરાત પ્રા. આ. પ્રતિનિધિ સભા દ્વારા આર્યસમાજ માંડવીના સહયોગથી ઉજવવામાં આવ્યો. ક્રાંતિતીર્થ માંડવી ખાતે યોજાયેલ કાર્યક્રમનો પ્રારંભ પં. દિવાકર શાસ્ત્રીના પૌરોહિત્યમાં યજ્ઞથી કરવામાં આવ્યો. ત્યાર બાદ વિશેષ સભા રાખવમાં આવી. જેની અધ્યક્ષતા શ્રી આર. એલ. ભટ્ટ સાહેબ (પ્રોજેક્ટ મેનેજર જી. એમ. ડી. સી. ગઢશીશા) એ કરી. પ્રાસંગિત ઉદ્‌બોધન સ્વામી શાંતાનંદ સરસ્વતી (ભવાનીપુર)





આચાર્ય વીરેન્દ્રજી (ભુજોડી), શ્રી મંગલ ભાનુશાળી, શ્રી હીરજીભાઇ કારાણીના રહ્યાં અને પં. શ્યામજી કૃષ્ણ વર્માના જીવન ઉપર પ્રકાશ પાડયો. સ્વાગત્ આર્યસમાજ માંડવીના મંત્રી શ્રી લખમશીભાઇ વાડિયાએ કર્યું. સૌ મહેમાનોને સાહિત્ય ભેટ આપવામાં આવ્યું. આ પ્રસંગે અખિલ ભારતીય કચ્છી કડવા પાટીદાર સમાજના ઉપપ્રમુખ શ્રી મણીલાલ હીરજી ભગત ખાસ ઉપસ્થિત રહ્યા હતાં.

સમગ્ર કાર્યક્રમને સફળતા બનાવવામાં શ્રી નવીનભાઇ વેલાણી અને આર્યસમાજ માંડવીના કાર્યકર્તાઓએ જહેમત ઉઠાવી હતી. ક્રાંતિતીર્થના ઇ. ચા. મેનેજર શ્રી બંકિમભાઇ પટ્ટણીનો સહયોગ પ્રશંસનીય હતો.

# વેદોની પ્રતિષ્ઠાનું સુરેન્દ્રનગર જિલ્લામાં આગળ વધતું અભિયાન

મહર્ષિ દયાનંદ સરસ્વતીએ આહ્‌વાન કર્યુ હતુ કે વેદો તરફ પાછા વળો અને એ આહ્‌વાહન ચરિતાર્થ કરવા આર્યસમાજની સ્થાપના આજથી ૧૪૦ વર્ષ પૂર્વે કરી હતી. આર્યસમાજની સંસ્થાઓ સ્થાપનાકાળથી આ કાર્યમાં આગળ વધી રહી છે.

ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાએ નિર્ણય કર્યો છે કે ગુજરાતનાં તમામ ગામોમાં વેદોની પતિષ્ઠા કરવી. સભાની અલ્પશક્તિ હોવા છતાં આ ભગીરથ કાર્ય સૌ શ્રેષ્ઠીઓનાં સહયોગની આશા સાથે પોતાના શીરે લીધું છે. જેનો પ્રારંભ સુરેન્દ્રનગર જિલ્લાથી આર્યસમાજ સુરેન્દ્રનગરના નેતૃત્વમાં ગત વર્ષથી કરવામાં આવેલ છે. આજ સુધીમાં સુરેન્દ્રનગર જિલ્લાનાં ૪ તાલુકાનાં ગામો સુધી વેદોની પ્રતિષ્ઠા પૂર્ણ કરવામાં આવેલ છે. જિલ્લાનાં ૬૮૦ ગામો પૈકી ચાર તાલુકાનાં ૨૨૬ ગામોમાં વેદોની પ્રતિષ્ઠા પૂર્ણ કરવામાં આવેલ છે.





તાજેતરમાં સાયલા તાલુકાની વેદપ્રચાર - પ્રતિષ્ઠા યાત્રા પૂર્ણ કરવામાં આવી. જેમાં કાર્યકર્તાઓનાં અલગ-અલગ રૂપ પર વેદપ્રચાર યાત્રા માટે મોકલવામાં આવ્યા હતાં. યાત્રાનાં અંતિમ પાંચ દિવસોમાં વેદકથાનું આયોજન કરવામાં આવેલું હતું. જે મૂળશંકર (દયાનંદ) ની પ્રથમ દીક્ષા સ્થળી સાયલાની તે મૂળ જગ્યા પૂ. લાલજી ભગતની જગ્યામાં કરવામાં આવેલ હતું. મહંત પૂ. દુર્ગાદાસજીએ પણ વેદકથાનું રસપાન કર્યુ હતું અને કથાનું તમામ ખર્ચ અને ભોજન પ્રસાદ પણ પોતાના તરફથી અર્પણ કરેલ હતો. કથાનું શ્રવણ પ્રતિદિન આશરે ૭૦૦ લોકો કરતા હતાં.

સમગ્ર વ્યવસ્થા અને જવાબદારી તથા વેદકથાનું વાચન આર્યસમાજ સુરેન્દ્રનગરના આચાર્ય આર્યબંધુએ કરેલ હતું.

અનુસંધાન પાના નં. ૭ પર

## दिल्ली सभा ने मनाया

# १३ वां आर्य परिवार होली मंगल मिलन समारोह

भारतीय वैदिक परंपरा के अनुसार वैदिक पर्वो की श्रृंखला में नवसस्येष्टि का विशेष महत्त्व है। दिल्ली आर्य प्रतिनिधि सभा के तत्त्वावधान में १३ वां होली मंगल मिलन समारोह फाल्गुन पूर्णिमा वि. स. २०७१ गुरुवार तद्नुसार ५ मार्च २०१५ को सायंकालीन वेला में रघुमल आर्य कन्या सीनियर सैकेंडरी स्कूल राजा बाजार कनाट प्लेस में गत १२ वर्षो की भांति उमंग व उत्साहपूर्वक मनाया गया। प्रफुल्लित वातावरण, अह्लाद की अनुभूति, खुशियों का उत्साह हर व्यक्ति प्रसन्नता से एक दूसरे से मिलन, ऐसे माहौल



की भावनाओं को शब्दों में ढालना कभी-कभी असंभव सा होता है। दिल्ली सभा द्वारा १३ वां आर्य परिवार होली मंगल मिलन समारोह चंदन और पुष्प से होली कार्यक्रम का आयोजन किया गया जिसमें दिल्ली के हजारों आर्यजनों ने भाग लिया।

प्रवेश द्वार पर ही चंदन का तिलक कर आर्यजनों का उत्साह व प्रेम से एक दूसरे के गले मिलकर स्वागत किया। रंग-बेरंगे परिधानों से सजे आनंदविभोर तथा चहकते छोटे-छोटे बच्चों की अठखेलियां मंत्र मुग्ध कर देने वाली थीं।

अनुसंधान पृष्ठ नं. ७ पर

## આર્યસમાજ આણંદ દ્વારા નાવલી ગામે સ્વાઈ ફ્લુ ઉકાળા કેમ્પ યોજાયો...

વર્તમાનમાં સમગ્ર જિલ્લા સ્વાઇન ફ્લૂની અસર જોવા મળી રહી છે. સ્વાઇ ફ્લુથી બચવા માટે આયુર્વેદનો ઉકાળો અક્સીર ઇલાજ છે. આર્યસમાજ - આણંદ છેલ્લાં ૮૦ વર્ષથી માનવ ઉપયોગી કાર્યો સતત કરી રહી છે. આયુર્વેદના માધ્યમથી લોકોને શારીરિક સુખાકારી સ્વાસ્થ્ય લાભ થયા તેવા શુભ હેતુથી ચરોતર પ્રદેશ આર્ય સમાજ - આણંદ તરફથી સ્વાઇન ફ્લુ ઉકાળા કેમ્પનું ગામે ગામ આયોજન કરવાનું નક્કી કર્યુ. તે મુજબ નાવલી મુકામે આણંદ મત વિસ્તારના ધારાસભ્યશ્રી રોહિતભાઇ પટેલ (મિલ્સેંટ ગ્રુપ)ના હસ્તે ઉકાળા કેમ્પની શરૂઆત કરવામાં આવી હતી. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખશ્રી કનકસિંહજી વાઘેલા, માનદ્મંત્રી શ્રી અશોકભાઇ પટેલ, અંતરંગ સભ્યશ્રી કેતનભાઇ પટેલ, શ્રી વિશ્વદત્ત કે. વાઘેલા વગેરે હાજર રહી ઉકાળાનું વિતરણ કર્યુ. નાવલી ગામના સરપંચશ્રી શ્રીમતી રૂપલબેન સંતોષભાઇ પટેલ, પરેશભાઇ પટેલ, સુભાષભાઇ પટેલ, શ્રી સંતોષભાઇ પટેલ વગેરેએ હાજર રહી કેમ્પને સફળ બનાવ્યો હતો. સ્વાઇન ફ્લુના ઉકાળાનો લાભ પ્રાથમિક કુમાર અને કન્યાશાળા, હાઇસ્કૂલના વિદ્યાર્થી ભાઇ-બહેનો, ગ્રામજનો તથા આજુબાજુના વિસ્તારના રહીશોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. આશરે ૨૦૦૦ જેટલા વ્યક્તિઓએ ઉકાળો પીધો હતો. આજ રીતે મોગર, કુંજરાષ અને રાસનોલ ગામ વગેરે ગામોમાં પણ આર્યસમાજ દ્વારા ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું.

## આર્યવીર દળ ગુજરાતનો ગ્રીષ્મકાલીન શિબિર ગુરૂકુળ સોનગઢ ખાતે યોજાશે...

આર્યવીર દળ ગુજરાતની ગ્રીષ્મકાલીન પ્રશિક્ષણ શિબિર આગામી તા. ૪ થી ૧૧ મે - ૨૦૧૫ ના ગુરુકુલ સોનગઢ જિ. ભાવનગર ખાતે યોજાશે. જેમાં ૧૩ થી ૨૦ વર્ષની વયનાં આર્યવીરોને પ્રવેશ અપાશે. શિબિરાર્થીએ તા. ૪-૫-૨૦૧૫ ના રોજ સાંજે ૫-૦૦ સુધીમાં શિબિર સ્થળે પહોંચવું.

શિબિરમાં શારીરિક, બૌદ્ધિક અને વ્યક્તિત્વ વિકાસની તાલીમ આપવામાં આવશે. વધુ જાણકારી માટે શિબિર સંચાલક હસમુખ પરમાર (મો. ૯૮૭૯૩ ૩૩૩૪૮) નો સંપર્ક કરવો.

## પ્રાંતીય આર્યવીરાંગના દળ વાર્ષિક પ્રશિક્ષણ શિબિર જામનગર ખાતે યોજાશે

આર્યવીરાંગના દળની પ્રાંતીય કક્ષાની વાર્ષિક પ્રશિક્ષણ શિબિર આગામી તા. ૧૭ થી ૨૪ મે- ૨૦૧૫ના આર્યસમાજ-જામનગર ખાતે યોજાશે. જેમાં ૧૩ થી ૨૦ વર્ષની વયની બહેનો ભાગ લઇ શકશે. શિબિરમાં ભાગ લેવા માટે નજીકની આર્યસમાજનો સંપર્ક કરવો.

શિબિરમાં શારીરિક બૌદ્ધિક અને વ્યક્તિત્વ વિકાસની તાલીમ આપવામાં આવશે.

શિબિરાર્થીએ શિબિર સ્થળ કેશવજી અરજણ લેઉવા પટેલ સમાજ, રણજીતનગર, બસ સ્ટેન્ડ પાસે, જામનગર ખાતે તા. ૧૭-૫-૨૦૧૫ના રોજ સાંજે ૪-૦૦ સુધીમાં પહોંચવાનું રહેશે.

વધુ જાણકારી માટે શિબિર સંયોજક ડૉ. અવિનાશ ભટ્ટ મો. ૯૪૨૬૯૪૬૨૦૦ નો સંપર્ક કરો.

## ગુજ. પ્રા. આર્ય. પ્રતિ. સભા દ્વારા આગામી જુલાઇ માસમાં યોજાશે વક્તૃત્વ સ્પર્ધા


પ્રાંતીય સભા દ્વારા શાળા- કોલેજના વિદ્યાર્થીઓ માટે આગામી જુલાઇ માસમાં વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. આ સ્પર્ધા પ્રથમ સ્થાનીય સ્તરે ત્યાર બાદ તાલુકા સ્તરે અને ત્યાર બાદ જિલ્લા સ્તરે યોજાશે. ગુજરાતના તમામ જિલ્લામાં આ સ્પર્ધા થાય તેવા પ્રયત્નો સભા દ્વારા કરવામાં આવી રહ્યા છે. સ્પર્ધાના વિષયો: (૧) મહર્ષિ દયાનંદનાં કાર્યો અને તેની સમાજ પર અસર (૨) શું આજની યુવા પેઢી રાષ્ટ્રીય ભાવનાથી ભટકી ગઇ છે? રહેશે. દરેક સ્તરે રોકડ પુરસ્કાર આપવામાં આવશે. સ્પર્ધામાં ભાગ લેવા માટે નજીકની આર્યસમાજોનો સંપર્ક કરવો.

## વૈચારિક ક્રાંતિ માટે સત્યાર્થપ્રકાશ વાંચો...


## આવો, પરિચય કરીએ મહર્ષિ દયાનંદ રચિત ગ્રન્થોનો...

**પુસ્તકનું નામ : સ્વયંકથિત – લિખિત જીવન (આત્મ) ચરિત્ર**

**રચના કાળ - સંવત્ ૧૮૭૫ તથા સંવત્ ૧૮૭૯ ભાષા - હિન્દી**



**પરિચય :** મહર્ષિ દયાનંદના જીવનચરિત્ર લેખકો પં. લેખરામ, બાબુ દેવેન્દ્રનાથ મુખોપાધ્યાય વગેરેએ મહર્ષિજી દ્વારા કથિત અને લિખિત આત્મકથાને આધાર મની જીવન ચરિત્ર લખેલાં છે. મહર્ષિજીએ સર્વપ્રથમ પોતાના જીવન સંબંધી આત્મ કથન પૂનામાં આપેલા વ્યાખ્યાનોમાં ૧૫ મું વ્યાખ્યાન તા. ૪ ઓગષ્ટ ૧૮૭૫ ના રોજ આત્મ કથન સ્વરૂપે આપેલ તેમજ થિયોસોફિકલ સોસાયટીના કર્નલ ઓલ્કોટના આગ્રહથી થિયોસોફિસ્ટ પત્રિકામાં પોતાની આત્મકથા ત્રણ હપ્તામાં લખીને મોકલેલ. જેનો અંગ્રેજી અનુવાદ ક્રમશઃ (પ્રથમ હપ્તો) જન્મથી ઋષિકેશ યાત્રા સુધીનો ઓક્ટોબર ૧૯૮૮૭ના અંકમાં પાના નં. ૯ થી ૧૨માં, બીજો હપ્તો ટિહરી થી જોષીમઠ સુધીની યાત્રા ડિસેમ્બર ૧૮૭૯ના અંકમાં પાના નં. ૬૬ થી ૬૮માં અને ત્રીજો હપ્તો બદરીનાથ થી નર્મદા કિનારા સુધીની યાત્રા નવેમ્બર ૧૮૮૦ ના અંકમાં છપાયેલ હતો.




## ગતિશીલ આર્યવીર દળ ટંકારા...

**આર્યવીર દળ, ટંકારા** સતત પ્રવૃત્તિશીલ રહે છે, અને જાહેર જનતાની સેવા-જન જાગૃતિ જેવાં કાર્યો અવાર-નવાર કરે છે. સ્વાઇ ફ્લૂના પ્રકોપથી ટંકારાની જનતાને બચાવવા આયુર્વેદિક ઉકાળો જાતે બનાવી ગત તા.૨ અને ૩ માર્ચ એમ બે દિવસ સુધી ટંકારાની ગલી-ગલીઓમાં ફરી મફતમાં વિતરણ કર્યુ હતું. જેનો લાભ આશરે ૧૫૦૦ લોકોએ લીધો હતો.

(૨) ૨૩ માર્ચ શહીદ દિનની ઉજવણી આર્યવીર દળ દ્વારા કરવામાં આવી હતી. સાંજના સમયે ક્રાંતિવીરોના ચિત્રો સાથે મશાલ સરઘસ યોજવામાં આવ્યું હતું. લતીપર ચોકડીથી નીકળી ટંકારાની વિવિધ ગલીઓ, બજારોમાં શહીદો અમર રહો ના નારાઓ અને દેશભક્તિનાં ગીતોથી વાતાવરણ રાષ્ટ્ર ભાવનાથી ગજવી દીધું હતું. જાહેર જનતાએ આર્યવીરોને વધાવ્યા હતાં. સરઘસમાં આર્યવીરો ઉપરાંત ઉપદેશક વિદ્યાલયનાં વિદ્યાર્થીઓ, વેપારીઓ, વિવિધ શાળાનાં શિક્ષકો ટંકારા ગ્રામ પંચાયતના સરપંચ તથા સભ્યો વગેરે જોડાયા હતાં. સમાપન મહર્ષિ દયાનંદ ચોકમાં થયું હતું ત્યારે મૌન રાખી શહીદોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

## ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીએ વૈદ્ય દયાલમુનિ આર્યનું ડી. લિટ્. ઉપાધિથી કર્યુ સન્માન

ટંકારા નિવાસી, શ્રી દયાલમુનિ આર્યનું ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી - જામનગર દ્વારા ડી. લિટ્.ની માનદ્ ઉપાધિ અર્પણ કરી સન્માન કરવામાં આવેલ છે. મહામહીમ રાજ્યપાલ શ્રી એ. પી. કોહલીના વરદ હસ્તે આ ડિગ્રી નમ્ર ભાવે સ્વીકારતા શ્રી દયાલમુનિએ આ સન્માન ઇશ્વરના શરણે ધરી જણાવ્યું હતું કે હું આર્યસમાજ અને મહર્ષિ દયાનંદનો ઋણી છું. પ્રારંભિક શિક્ષણ માત્ર ૫ ધોરણ સુધીનું મેળવેલને ક્યારેય કલ્પના ન હતી કે આટલા શ્રેષ્ઠ સન્માનનો હું અધિકારી બનીશ.



શ્રી દયાલમુનિએ ગુજરાતી ભાષામાં ચારેય વેદોનો અનુવાદ કરી પોતાની કીર્તિ ચિરસ્થાયી બનાવી દીધેલ છે. તેમના આ યોગદાન માટે ગત દિવસોમાં આર્યસમાજ ઘાટકોપર તરફથી પણ સન્માન કરવામાં આવેલ હતું. આ અગાઉ તેઓને વાનપ્રસ્થ સાધક આશ્રમ રોઝડ તરફથી વેદોના અનુવાદ બદલ રૂા. સાત લાખ અર્પણ કરી સન્માન કરવામાં આવેલ. જેમાં પોતાના તરફથી રૂા. એક લાખ ઉમેરી સમગ્ર રકમ ગુજરાતીમાં વેદોનાં પ્રકાશન અર્થે અર્પણ કરી દીધેલ હતી.

નાના-મોટા અનેક સન્માનોથી સન્માનિત થયેલ દયાલમુનિને ભુવનેશ્વરી પીઠ- ગોંડલ દ્વારા આયુર્વેદ ચુડામણિ સન્માન ઉલ્લેખનીય છે.

ટંકારામાં જન્મી આર્યસમાજનાં રંગે રંગાયેલ દયાલમુનિ આર્યસમાજ ટંકારાને પોતાની સંસ્કાર માતા કહે છે. જેનું વિશાળ પુસ્તકાલય તેમના માટે જ્ઞાન ભાથુ બનેલ છે. આથી આર્યસમાજ ટંકારાને અવાર-નવાર દાન આપી, ઋણ ચૂકવવા પ્રયત્નો કરે છે. : આયુર્વેદ કોલેજ જામનગરથી નિવૃત્ત થયા બાદ આર્યસમાજ - ટંકારાના આયુર્વેદિક દવાખાનામાં સન્ ૧૯૯૨ થી આજ પર્યત નિઃશુલ્ક સેવા આપે છે. જેનો લાભ સેંકડો દર્દીઓ લે છે.

## આર્યસમાજ જૂનાગઢમાં થયું હોલિકા ઉત્સવ અને નેત્રયજ્ઞનું આયોજન..

આર્યસમાજ જૂનાગઢ દ્વારા વાસંતી- નવસસ્યેષ્ઠી યજ્ઞનું વિશેષ આયોજન કરવામાં આવ્યું. જેમાં આર્યસમાજના પટાંગણમાં ૨૧ કુંડો ૫૨ યજમાન પરિવારોની ૧૭૦ જેટલી વ્યક્તિઓએ આહુતિ આપી હતી. આ યજ્ઞની વિશેષતા એ હતી કે વર્તમાનમાં સ્વાઇન ફ્લૂનના પ્રકોપથી લોકોને બચાવવા એ પ્રકારની ઔષધિઓનો ઉપયોગ કરવામાં આવેલ હતાં. યજ્ઞ બ્રહ્મા તરીકે પં. કમલેશ શાસ્ત્રી રહ્યા હતા. આ પ્રસંગે ઉકાળાનું પણ વિતરણ કરવામાં આવેલું હતું.

ગત તા. ૨૭-૨-૧૫ના રોજ રણછોડદાસજી આંખ હોસ્પિટલ - રાજકોટના સહયોગથી આર્યસમાજ મંદિરમાં નેત્ર યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું, જેનો લાભ ૧૫૦ દર્દીઓ એ લીધો હતો. જરૂરિયાતમંદ દર્દીઓને આપરેશનની વ્યવસ્થા આર્યસમાજ જૂનાગઢ દ્વારા કરવામાં આવેલ હતાં. તમામ દર્દીઓ અને તેમની સાથે આવનારની ભોજન વ્યવસ્થા આર્યસમાજ દ્વારા કરવામાં આવેલ હતી.

## દર્શનયોગ મહાવિદ્યાલય - રોજડ ખાતે એક વર્ષીય સઘન સાધના શિબિરનાં છ માસ પૂર્ણ...

ગત તા. ૧ ઓક્ટોબર - ૨૦૧૪ થી શરૂ કરવામાં આવેલ ૧ વર્ષીય સઘન સાધના શિબિરના છ માસ પૂર્ણ થયેલ છે. સાધકો પ્રાતઃ બ્રહ્મવેળામાં જાગીને નિર્ધારિત દિનચર્યા યજ્ઞ, વેદપાઠ, વેદ સ્વાધ્યાય, વિદ્વાનોનો સત્સંગ, ધ્યાન પ્રશિક્ષણ, વિવેક વૈરાગ્ય પરિજ્ઞાન, નિદિધ્યાસન, ન્યાયદર્શનશિક્ષા વગેરે દ્વારા પ્રશિક્ષિત થઇ રહ્યા છે. સર્વે સ્વસ્થ અને પ્રસન્ન છે પ્રાકૃતિક અને આધ્યત્મિક વાતાવરણમાં આયોજિત શિબિરનો લાભ અસ્થાયી સાધકો પણ લઇ રહ્યા છે. શિબિરાધ્યક્ષ સ્વામી બ્રહ્મવિદાનન્દ સરસ્વતી અને વ્યવસ્થાપક બ્ર.દિનેશજીના નેતૃત્વમાં શિબિર સફળતા પ્રાપ્ત કરી રહ્યો છે.

# આર્યાભિવિનય

## મહર્ષિ દયાનંદ સરસ્વતી

ગતાંકનું ચાલુ...

**વ્યાખ્યા :** હે પરમ વૈદ્ય! (सर्वरोगात्पृथक्कृत्य नैरोग्यंदेहि) મને સર્વથા સર્વ રોગથી બચાવીને પરમ સ્વાસ્થ્ય આપો.

(હે સર્વાન્તર્યામિન્ સદુપદેશક, શુદ્ધિપ્રદ! **मनसा वाचा कर्मणा अज्ञानेन प्रमादेन वा यद्यत्पापं कृतं मया तत्तत्सर्वं कृपया क्षमस्व, ज्ञानपूर्वक पापकरणान्निवर्तयतु माम्**) મન, વાણી અને કર્મથી અજ્ઞાન (અજાણતા) અથવા પ્રમાદના કારણે જે કંઇ પાપ કર્યુ હોય અથવા થવાનું હોય, તે મારાં સર્વ પાપોને ક્ષમા કરો. (યથાયોગ્ય ન્યાય આપો) અને જ્ઞાનપૂર્વક (જાણી જોઇને) પાપ કરવાથી પણ મને રોકો (બચાવો) કે જેથી હું પવિત્ર બનીને આપની સેવામાં સ્થિર બનું.

(હે ન્યાયાધીશ! **कुकामकुलोभकुमोह भयशोकालस्येर्ष्याद्वेष प्रमाद विषयतृष्णानैष्ठुर्याभिमानदुष्टभावाविद्याभ्यो निवारय, एतेभ्यो विरुद्धेतषूमेषु गुणेषु संस्थापय माम्**) હે ઇશ્વર! આપ કૃપા કરીને કુકામ, કુલોભ આદિ પૂર્વોક્ત (કુમોહ, ભય, આળસ, ઈર્ષા, દ્વેષ, પ્રમાદ, વિષયોમાં તૃષ્ણા, નિષ્ઠુરતા, અભિમાન, દુષ્ટભાવ અને અવિદ્યા વગેરે) દુષ્ટ દોષોને આપની કૃપાથી છોડાવીને મને શ્રેષ્ઠ કાર્યોમાં સારી રીતે સ્થિર કરો. હું અત્યંત દીન ભાવે એટલું જ માગું છું કે હું આપથી (ભિન્ન) તથા આપની આજ્ઞાથી વિરુદ્ધ પદાર્થોમાં કદી પણ પ્રીતી ન કરું.




# અંધવિશ્વાસ અને તેનું નિવારણ



– મદન રહેજા

**અંધવિશ્વાસ –** **પશુબલિ આપવાથી તમામ કાર્ય પૂરા થાય છે.**

**નિવારણ –** મનુષ્યનું મગજ કેવું વિચિત્ર છે. પોતાનાં કલ્પિત લાભ માટે તે કેવાં-કેવાં કર્મ કરતો રહે છે. ધર્મના ઓઠા હેઠળ તે અબોલ પ્રાણીનો જીવ લેતા પણ અચકાતો નથી. જેણે નિષ્કામ કર્મો કરીને ઇન્સાનમાંથી ભગવાન બનવાનું છે, તે કુકર્મો કરીને શૈતાન બની જાય છે. વેદમાં ક્યાંય નથી લખ્યું કે પશુવધ કરી તેની બલિ ચડાવવાથી મનોકામનાઓ પૂરી થાય છે. આવો વિચાર અને આચાર પાપાત્માઓ જ કરે છે. પોતાના સ્વાર્થ માટે, સ્વાદ માટે તે આવા નીચ કાર્યો કરતા અચકાતો નથી. વેદમાં તો ત્યાં સુધી કહેવામાં આવ્યું છે કે કોઇ પણની હત્યા કરવી તે પાપ છે. એટલું જ નહીં કોઇ સાથે વેર રાખવાને પણ અયોગ્ય બતાવેલ છે. વૈદિક ધર્મમાં તો મન, વાણી અને શરીરથી અહિંસાનું પાલન કરવાની પ્રેરણા આપવામાં આવેલ છે.

જો બલિદાન આપવું હોય તો પોતાના અભિમાનનું આપવું જોઇએ. બલિદાનનો અર્થ કોઇના શરીરને કાપીને, લોહી વહેવડાવીને તેને અગ્નિ કે અન્ય કોઇ જગ્યાએ અર્પણ કરવું એ તો નીચ કર્મ છે. આવું કૃત્ય અઘોરીઓનું હોઇ શકે – મનુષ્યનું નહીં! આવું કૃત્ય શાકાહારી પશુઓ પણ કરતા નથી, જો મનુષ્ય પોતાનું પેટ ભરવા આવું કામ કરે તો તે પશુ કહેવડાવવાને પણ લાયક રહેતો નથી.

કાર્યની પૂર્તિ અથવા મનોકામના પરિશ્રમથી પૂરી થાય છે. બુદ્ધિપૂર્વક કાર્ય કરવાથી અધૂરા રહેલાં કાર્યો પૂરા થાય છે. જો કે મનોકામનાનો કોઇ અંત નથી. તે મૃત્યુ પર્યંત પૂરી થતી નથી. આથી પરિશ્રમથી જે પ્રાપ્ત થાય તેને પ્રભુ પ્રસાદ માનીને ઉપયોગ કરવો જોઇએ. ઇચ્છાઓનો ક્યારેય અંત નથી હોતો. શરીરનો અંત થાય ત્યાર પહેલાં ઇચ્છાઓનો અંત કરવાનું શીખી લેવું જોઇએ. પોતાની ઇન્દ્રિયોને વશમાં રાખે, અનાથી જ આપણું મન શાંત અને પ્રસન્ન રહેશે. મન તો જડ, છે, બુદ્ધિ દ્વારા તેના ઉપર અંકુશ લગાવવાનું શીખી લેવું. આત્માને બનાવવો. એ જ મનુષ્ય – જીવનનું લક્ષ્ય છે.

દરેક સાથે પ્રેમપૂર્વક વર્તવું, ત્યાંથી ઇશ્વર ભક્તિનો પ્રારંભ થયા છે. પ્રેમ જ પ્રથમ પગથિયું છે, કે જેના દ્વારા શ્રેયમાર્ગ પાર કરી વ્યક્તિ પોતાના પ્રિયતમ પરમાત્માને પામી શકે છે.

BOOK-POST

**પ્રેષક :-**
**આર્ય વૈદિક દર્શન**
**આર્યસમાજ,**
**ટંકારા - ૩૬૩૬૫૦.**
**જિ. રાજકોટ**

**પ્રતિ,** ______________________

Publisher & Printer SURESHCHANDRA B. AGRAWAL on behalf of GUJARAT PRANTIYA ARYA PRATINIDHI SABHA Published at ARYA VEDIC DARSHAN, Gujarat Arya Pratinidhi Sabha Aryasamaj , Nr. Raipur Darvaja Maharshi Dayanand Marg, Kankariya, Ahmedabad And Printed at Nachiket Art Printer, 11, Galaxy Commercial Center, Jawahar Road, Rajkot. Editor SURESHCHANDRA B. AGRAWAL

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | | ક | ક | | ■ | ■ | ■ | 2 | |
| | ૨ | | | 2 | | મ | ■ | | ષ |
| ■ | ■ | ■ | ■ | ■ | ■ | ■ | ■ | | ૬ |
| 3 | ગે | | | ■ | 4 | | | ■ | ■ |
| | | કો | | ■ | 5 આ | | વિ | | સ |
| | ૨ | | ■ | 6 | | | | | |
| ■ | ■ | ■ | ■ | 7 | | | | | |
| 8 | | | ન | ■ | 9 | સે | | | લા |

**આ માસના શબ્દકોઠાનો ઉકેલ આવતા અંકે આપવામાં આવશે, તારીખ ૨૫ સુધીમાં સાચો જવાબ મોકલનારનાં નામ પ્રસિદ્ધ કરવામાં આવશે.**

अनुसंधान पृष्ठ नं. ४ से चालू

समारोह का शुभारंभ मेरठ से पधारे मूर्धन्य विद्वान् डॉ. वेदपाल जी के ब्रह्मत्व में आयोजित नवसस्येष्टि यज्ञ से किया गया । नवसस्यीष्टि यज्ञ की महत्ता पर प्रकाश डालते हुए उन्होंने कहा कि ऐसे यज्ञों के आयोजन का वर्णन शास्त्रों में (इष्टि, सोम और चयन) तीन प्रकार से मिलता है। इष्टि यज्ञ ऋतुओं की संधि पर आयोजित किए जाते हैं क्योंकि ऋतुओं के परिवर्तन से जो मानव शरीर में व्याधि उत्पन्न होती है, यज्ञों के माध्यम से उन होने वाली व्याधियों से मुक्ति मिलती है और मनुष्य आरोग्यता प्राप्त करता है।नए अधपके अन्न की आहुति भी यज्ञ में प्रदान की जाती है। तिनकों की आग पर जो अधपका अन्न होलक, जिसका अपभ्रंश शब्द होला जो नवसस्येष्टि का प्रतिक है।

इस अवसर पर दिल्ली के विभिन्न विद्यालयों द्वारा दी गई सांस्कृतिक प्रस्तुतिर्यां, नृत्य–नाटिकाए तथा गीत – भजन में उपस्थित आर्यजनों को मन्त्र मुग्ध कर दीया। जिसमें रामचन्द्र देहलवी (शास्त्रार्थ महारथी) जी के जीवन पर आधारित नाटिका ने वातावरण को भावुकता से परिपूर्ण कर दिया।

इस अवसर पर प्रतिवर्ष की भांति वयोवृद्ध आर्यजन, सबसे छोटे बालक तथा नवविवाह दम्पति को सम्मानित किया जाता है। वयोवृद्ध युवा का सम्मान सुप्रसिद्ध उद्योगपति, दानवीर महाशय धर्मपाल जी (एमडीएच) जिनकी आयु लगभग ९२ वर्ष है।

सबसे कम आयु मात्र २८ दिन की बालिका कु. प्रिया आर्या को सम्मानित किया गया तथा नव युगल श्री निखिल आर्य (जहांगीरपुरी) को सपत्नीक सम्मानित किया। इसी श्रृंखला में टेटू लगाना, बैलून उडाना तथा ईनामी कूपन योजना भी बालकों के लिए आकर्षण का केन्द्र रही। कूपन के विजेता श्री सदाशिव आर्य जी, सदस्य आर्यसमाज आर्यनगर, पहाडगंज को ५०००/– रुपये कीमत का वेद भाष्य सेट भेंट किया गया। कार्यक्रम कि अंतिम प्रस्तुति आर्यवीर दल कीर्ति नगर के आर्यवीरों द्वारा 'रंग दे बसंती' गीत के के माध्यम से आर्यजनों में उन्साह का संचार किया। पश्चात् शांतिपाठ के साथ समारोह का समापन हुआ। इस अवसर पर सुव्यवस्थित ऋषि लंगर की व्यवस्था महाशय धर्मपाल जी मैनेजिंग डारेक्टर एम. डी. एच. एवं प्रधान आर्य केन्द्रीय सभा, दिल्ली द्वारा की गई।

**દરેક આડી લાઇન :**

૧. પ્રાચીન ભારતીય નૃત્યના બે નામ જે ઇશ્વરમાં શ્રદ્ધા અને ભક્તિ ઉત્પન્ન કરાવે છે. (૫ - ૭)
૨. મનમાં ઉત્પન્ન થતાં ત્રણ પ્રકારનાં દોષ - (૨ - ૨ - ૨)
૩. ક્યા ત્રણ પ્રકારનાં રાગ પ્રખ્યાત છે. (૪ - ૪)
૪. ચાર માંથી ક્યા વર્ણમાં મોક્ષ પ્રાપ્ત થઇ શકે છે. (૩)
૫. અંધવિશ્વાસમાં ફસાઇ જનાર વ્યક્તિમાં ક્યા વિશ્વાસની કમી હોય છે. (૬)
૬. મનનાં બે કાર્ય સંકલ્પ અને વિકલ્પ તો સંકલ્પની સોચ કઇ સકારાત્મક કે નકારાત્મક.
૭. સત્યાર્થ પ્રકાશના અગ્યારમાં સમુલ્લાસનો ક્યો વિષય છે. (૬)
૮. શ્રીકૃષ્ણના નાના કંસના પિતા કોણ હતાં. (૪)
૯. પંજાબના ક્યા ગામમાં શહિદ ભગતસિંહ, રાજગુરુ, સુખદેવના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા. (૫)

અનુસંધાન પાના નં. ૪ નું ચાલુ...

તેમના નેતૃત્વમાં આર્યસમાજના કાર્યકર્તાએ સતત યાત્રાઓ કરી ગ્રામ્ય લોકોને વેદોનું મહત્ત્વ સમજાવ્યુ હતું. વેદકથાના પ્રતયેક દિવસે સાયલા તાલુકાના અલગ-અલગ ગામોના આગેવાનો ઉપસ્થિત રહી, વેદ ગ્રંથોનો સ્વીકાર કર્યો હતો.વેદકથાના પ્રારંભે વેદ મંદિરથી કથા સ્થળ સુધી શોભાયાત્રા યોજવામાં આવેલ હતી. વેદકથાનો પૂર્ણાહુતિ કાર્યક્રમ ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાના પ્રમુખશ્રી સુરેશચંદ્ર અગ્રવાલની અધ્યક્ષતામાં યોજાયો હતો. આ પ્રસંગે બૃહદ્ સૌરાષ્ટ્ર આર્ય પ્રાદેશિક સભાના પ્રમુખશ્રી રણજીતસિંહ પરમાર, મંત્રીશ્રી હસમુખભાઇ પરમાર તેમજ સ્થાનીય આગેવાન શ્રી મનુભાઇ સિંઘવ, વિશ્વ હિંદુ પરિષદના પદાધિકારીઓ, ચંદુભાઇ વાળા વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

## શોક સમાચાર

૧. આર્યસમાજ જામનગરના ભૂતપૂર્વ પ્રમુખશ્રી પ્રવીણભાઇ ચૌહાણનું ગત તા. ૧-૩-૨૦૧૫ના રોજ અવસાન થયેલ છે.
૨. શ્રીમતી અનિલાદેવીજી જ્ઞાનેન્દ્ર જી સિદ્ધાંન્ત ભૂષણનું નાસિક ખાતે ગત તા. ૩૧-૩-૨૦૧૫ ના રોજ અવસાન થયેલ છે.

**પ્રાન્તીય સભાની વિનમ્ર શ્રદ્ધાંજલિ**

## ::: આર્યવૈદિક દર્શન અંગે સૂચના :::

**- આર્યવૈદિક દર્શનનું નવા વર્ષ ૨૦૧૫-૧ નું વાર્ષક લવાજમ રૂા. ૧૦૦/- દરેક ગ્રાહકોને મોકલી આપવા વિનંતી.**
**- જે ગ્રાહકોનું પાછલા વર્ષનું લવાજમ બાકી હોય તેમણે બે વર્ષનું લવાજમ સાથે મોકલવું.**

## શબ્દકોઠાનો માર્ચ – ૧૫ નો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 શ્ર | મ | વ | જ | ય | તે | ■ | 2 જ | લે | બી |
| 3 વૃ | જ | લા | લ | ■ | 4 યુ | ધિ | ષ્ઠિ | ર | ■ |
| ■ | ■ | ■ | ■ | ■ | 6 બ્રા | હ્મ | મુ | હૂ | ર્ત |
| 5 જ | રા | યુ | જ | ■ | 7 બ્ર | હ્મ | ર | ન્ધ્ર | ■ |
| અં | ડ | જ | ■ | 8 ભૌ | તિ | ક | લા | ભ | ■ |
| સ્વે | દ | જ | ■ | 9 મા | ન | સિ | ક | લા | ભ |
| ઉ | દ્વિ | જ | ■ | બૌ | ધિ | ક | લા | ભ | ■ |
| ■ | ■ | ■ | 10 ચૈ | ત્ર | સુ | દ | એ | ક | મ |